## સંક્ષિપ્ત સમાચાર

### ઉચ્છલના દેવ ચાંદની પાસે ટ્રક પલટી



વ્યારા : તાપીમાં ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે દેવચાંદની પાસે રાયગણ નદીના પુલ પાસે વાપીથી ઇન્દોર જતી ટ્રક પલટી ખાઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ ટ્રક ચાલકને ઝોકુ આવી જતાં ટ્રક બેકાબૂ બનતાં ટ્રક પુલની રેલિંગ તોડી પલટી ખાઈ ગઈ હતી. વાપીથી મધ્યપ્રદેશના ઇન્દોર જતી આ ટ્રક નં.( MH 18 BZ 4021 )ના ચાલક સહિત ક્લીનરનો અકસ્માત દરમિયાન આબાદ બચાવ થયો હતો.

### વ્યારામાં બે વોન્ટેડ આરોપી ઝડપાયા

વ્યારા: વ્યારાના જૂના બસ સ્ટેન્ડ પાસેથી તાપી LCB અને પેરોલ ફ્લો સ્ક્વોડે પશુ હેરાફેરીના ગુનામાં નાસતા ફરતા બે વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યા છે. મહારાષ્ટ્રના નવાપુરના વતની ઉમલેશ ગાવીત (ઉં.વ.૩૪) અને વિપુલ ગાવીત (ઉં.વ.૨૬)ને ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે વ્યારા પોલીસને સોંપવામાં આવ્યા છે.

### પાનવાડી પાસે બે બાઇક અથડાઈ

વ્યારા: વ્યારાના પાનવાડી પાસે વ્યારા-ઉનાઈ રોડ પર ૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ દરમિયાન બે મોટરસાઇકલ સામસામે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં હોન્ડા યુનિકોર્ન બાઈક નં.( GJ 26 Q 5114 )ના ચાલકને શરીરે ગંભીર ઈજા પહોંચતાં વધુ સારવાર અર્થે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે અન્ય બાઈક નં.( GJ 26 J 8558 )ના ચાલક સહિત ઈજાગ્રસ્તોને વ્યારામાં સારવાર માટે દાખલ કરાયા છે. વ્યારા પોલીસે જીજે-૨૬-જે-૮૫૫૮ નંબરની બાઈકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મહુવરિયા ગામે બાઇક અડફેટે આધેડનું મોત

અનાવલ: અનાવલ નજીક મહુવરીયા-ડોલવણ રોડ પર ગત 10 ઓગસ્ટે રાત્રે પૂરઝડપે આવતી પલ્સર મોટરસાઇકલની અડફેટે આવતાં મહુવરિયાના 58 વર્ષીય લાલસિંગભાઇ સોમાભાઇ પટેલનું મોત નીપજ્યું છે. ચહેરા અને પગના ભાગે ગંભીર ઇજા પહોંચતાં તેમને સારવાર માટે ખસેડાયા હતા, જ્યાં તેમણે દમ તોડ્યો હતો. અકસ્માત સર્જી પલ્સર નં.( GJ-19-AQ-9554 )નો અજાણ્યો ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે અનાવલ પોલીસે બાઇકચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### પલસાણાના જોળવા નજીક રાહદારીના હાથમાંથી મોબાઈલની ચીલઝડપ

પલસાણા: મૂળ યુપીના અને હાલ બગુમરા ખાતે ઘનશ્યામ રેસિડેન્સીના સંગાર્થ એપાર્ટમેન્ટમાં રહેતા ૨૧ વર્ષીય રામકહુ ગત ૭ ઓગસ્ટના રોજ રાત્રે જોળવા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. એ સમયે પલ્સર મોટરસાઇકલ પર આવેલા બે ગઠિયા પૈકી પાછળ બેઠેલા ઈસમે યુવાનના હાથમાંથી ₹૧૫,૦૦૦ની કિંમતનો રિયલમી કંપનીનો મોબાઈલ આંચકી લીધો હતો અને ભાગી છૂટ્યા હતા. આ અંગે ભોગ બનનારે ૧૦ ઓગસ્ટે પલસાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા બાઈક સવારો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### નિઝરમાં બે સામે મારામારીનો ગુનો નોંધાયો

કુકરમુંડા: નિઝર ગામમાં ૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની રેલી દરમિયાન નાચગાન વખતે થયેલી ધક્કામુક્કીની અદાવતમાં મારામારી થઈ હતી. રેલી પૂર્ણ થયા બાદ ૨૦ વર્ષીય સાગર ભીમસિંગ પાડવી ઘરે જઈ રહ્યો હતો ત્યારે સાગર ઠાકરે અને રોનક પટેલે તેમને ગાળો આપી ઢીકમુક્કીનો માર માર્યો હતો. સાગર ઠાકરેએ પંચ વડે હુમલો કરતાં ફરિયાદીને ચહેરા પર ૩ ટાંકા આવ્યા હતા. આ અંગે નિઝર પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ધી કડોદ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ચેસ સ્પર્ધામાં પ્રથમ



કેતન પટેલ

કડોદ: સુરત જિલ્લા કક્ષાની SGFI રમતોત્સવ અંતર્ગત યોજાયેલી અંડર-14 ચેસ સ્પર્ધામાં ‘ધી કડોદ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ’ની ધોરણ-6ની વિદ્યાર્થિની દિશા ઢીમ્મરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. આ શાનદાર સિદ્ધિ સાથે દિશા હવે રાજ્ય કક્ષાની ચેસ સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરશે. દિશાની આ સિદ્ધિ બદલ અંગ્રેજી મીડિયમના આચાર્ય ભાવેશ દેસાઈ, ગુજરાતી માધ્યમના આચાર્ય સુનીલ રાજપૂત, પ્રમુખ કેતન પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યામ ગાંધી, મંત્રી પ્રતાપસિંહ દેસાઈ, સહમંત્રીઓ હિતેશસિંહ દેસાઈ, ખજાનચી પિનાકીન શાહ, સભ્યો, સમગ્ર કડોદ શાળા પરિવારે તેને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં અને તેની આગામી કારકિર્દી માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

### કામરેજના ખોલવડમાં સિવાણના માલધારી યુવકની લાશ મળી આવી



કામરેજ: કામરેજ નજીક ખોલવડ-આંબોલી તાપી નદીના બ્રિજ પરથી નદીમાં છલાંગ લગાવનાર ઓલપાડના સિવાણ ગામના ૨૩ વર્ષીય માલધારી યુવક જયેશ હરેશ ભરવાડનો મૃતદેહ સોમવારે મોડી રાત્રે મળી આવ્યો છે. ગત રવિવારે દૂધ આપવા નીકળેલો જયેશ ઘરે ન પહોંચતાં પરિવારજનોએ શોધખોળ કરી હતી. આ દરમિયાન તેની બાઇક નં.( જીજે 05 ટીપી 6526 ) તાપી બ્રિજ પરથી બિનવારસી હાલતમાં મળી આવી હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે પિતા સાથે બહારગામ જવા બાબતે થયેલી માથાકૂટ બાદ તેણે બ્રિજ પરથી નદીમાં ઝંપલાવ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે સોમવારે મોડી રાત્રે ખોલવડ નજીક બુલેટ ટ્રેનના બ્રિજ પાસેથી તેનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**જાહેર નોટીશ - સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, બારડોલીની કોર્ટમાં, મુ.બારડોલી**

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.નં.૨૨૪/૨૦૨૬
તા.૦૪/૦૮/૨૦૨૬

વાદી :- તાલિબ ઈકલાખ ખાન, રહે. સોમનાથ પેરેડાઈઝ, શિવ સમર્થ બિલ્ડીંગ, બિ/૦૩, બોઈસર(West), તા.જિ.પાલઘર, મુંબઈ-મહારાષ્ટ્ર

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી/નગરપાલિકા બારડોલી, જિ.સુરત

વિષય:- જન્મ/મરણ અધિનિયમ -૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી તાલિબ ઈકલાખ ખાન, રહે. સોમનાથ પેરેડાઈઝ, શિવ સમર્થ બિલ્ડીંગ, બિ/૦૩, બોઈસર(West), તા.જિ.પાલઘર, મુંબઈ-મહારાષ્ટ્રના પોતે તાલિબ ઈકલાખ ખાનના જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે, જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: તાલિબ ઈકલાખ ખાન ૨. તેમના જન્મની તારીખ: ૦૭/૦૫/૧૯૯૭ ૩. જન્મનું સ્થળ: બારડોલી, તા.બારડોલી, જિ.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે તાલિબ ઈકલાખ ખાનનાં જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૧૫ માં અથવા આ કામની સુનાવણી તા.૧૯/૦૮/૨૦૨૬નાં રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો) હુકમથી
સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેકટર, બારડોલી પ્રાંત, જી.સુરત

# ભૂવાસણની સ્કાયવિન મિલમાં શ્રમિકનું મોત થતાં ગ્રામજનોનો હલ્લાબોલ

**પેપરના** પૂઠાની ગઠરી પડતાં યુવકનું દબાઈ જવાથી મોત થયું હતું

**અંતે** વળતરની માંગ સંતોષાતાં મામલો થાળે પડ્યો



બારડોલી: બારડોલી તાલુકાના ભૂવાસણ ગામની સીમમાં તરભોણ પાટિયા પાસે આવેલી સ્કાયવિન ફેક્ટરીમાં પેપરના પૂઠાની ગઠરી પડતાં યુવકનું દબાઈ જવાથી મોત નીપજ્યું હતું. જેને પગલે ગ્રામજનોએ મિલ પર પહોંચી જઈ હલ્લાબોલ કરી મૃતદેહ સ્વીકારવાની ના કહી દીધી હતી. ઘટનાની જાણ તથા બારડોલી ગ્રામ્ય પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. અંતે પોલીસ અને તાલુકા પંચાયત ઉપપ્રમુખ હેમંતસિંહ બારડ, તરભોણના સરપંચ જયેશભાઈ હળપતિ અને ગ્રામજનોની દરમિયાનગીરીથી મામલો થાળે પડ્યો હતો. પોલીસે હાલ અકસ્માત મોત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર થોડા દિવસ પૂર્વે બારડોલી નવસારી રોડ પર તરભોણ પાટિયા પાસે વરસાદી પાણી ભરાય જવાની ઘટનાને લઈ વિવાદમાં આવેલી સ્કાયવિન કંપનીમાં મંગળવારે મળસકે અકસ્માત સર્જાયો હતો. તરભોણ ગામના નવી ગિરનાર ફળિયામાં રહેતો સુરેશભાઈ મોહનભાઈ હળપતિ (ઉં.વ.44) સ્કાયવિન કંપનીમાં મજૂરીકામ કરતો હતો. મંગળવારે મળસકે ચારેક વાગ્યાની આસપાસ તે કંપનીમાં કામ કરી રહ્યો હતો. એ સમયે તેના પર પેપરના પૂઠાની ગઠરી પડી હતી. આથી શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં બારડોલીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા. કામદારોની સલામતીને લઈ પ્રશ્નો ઊઠ્યા હતા. સલામતીના ધોરણ જાળવવામાં આવતા ન હોવાનો આરોપ સ્થાનિકોએ લગાવ્યો હતો અને કંપનીની બહાર યોગ્ય વળતરની માગ સાથે ટોળું એકત્રિત થઈ ગયું હતું.

બારડોલી ગ્રામ્ય પોલીસ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. બારડોલી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હેમંતસિંહ બારડ તેમજ ગ્રામજનો સાથે પોલીસ દ્વારા કંપનીના સંચાલકો સાથે બેઠક કરી સુખદ સમાધાન લાવવામાં આવ્યું હતું. માલિકે યોગ્ય વળતર આપવાની માંગ સ્વીકારતાં અંતે પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો હતો. ઘટના અંગે બારડોલી ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# માંડવીમાં ચાલકે એકાએક બસ હંકારી દેતાં ૧૦૮ની મહિલા કર્મી ઘાયલ

**પગના** પંજા પરથી બસનું વ્હીલ ફરી વળતાં મહિલાને હોસ્પિટલ ખસેડાઈ

માંડવી: માંડવીથી અરેઠ CHC ખાતે ફરજ પર જવા નીકળેલી ૧૦૮ એમ્બ્યુલન્સની મહિલા કર્મચારી બસમાંથી ઊતરી રહી હતી. ત્યારે બસ ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી દેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. મૂળ પંચમહાલના મોરા ગામના અને હાલ માંડવીના કૃષ્ણાનગરમાં રહી ૧૦૮માં નોકરી કરતી ૨૨ વર્ષીય ગીતાબેન સંજયભાઈ બામણીયા તા.૩૧ જુલાઈના રોજ સવારે એસ.ટી. બસ નં.( GJ.18.Z.6208 )માં બેસી અરેઠ ખાતે ફરજ પર જઈ રહી હતી. એ વેળાએ સવારે આશરે ૮ વાગ્યે અરેઠ ફાટક ફળિયા પાસે બસમાંથી નીચે ઊતરતી વખતે ડ્રાઈવરે અચાનક બસ ચાલુ કરી દેતાં ગીતાબેન નીચે પડી ગયાં હતાં અને તેમના ડાબા પગના પંજા પરથી બસનું વ્હીલ ફરી વળતાં તેઓ ગંભીર રીતે ઘવાયાં હતાં. ઘટના બાદ ઈજાગ્રસ્ત યુવતીને પ્રાથમિક સારવાર અરેઠ CHC, ત્યારબાદ બારડોલી, સુરત નવી સિવિલ હોસ્પિટલ અને બાદમાં લુણાવાડાની ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં તેમના પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ બનાવ અંગે ઈજાગ્રસ્તના ભાઈ વેશંગકુમાર બામણીયાની ફરિયાદના આધારે માંડવી પોલીસે એસ.ટી. બસના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### માંડવીમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

પલસાણા, માંડવી: માંડવીના શિવાજી નગર ફળિયામાં સંજયભાઈ ગામીતના ઘરની બહારના ભાગે ઓટલા ઉપર કેટલાક ઈસમો મોબાઈલની લાઈટના અજવાળે હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં સ્થળ પરથી પાંચ શખ્સો રોકડા રૂ.૧૧,૯૫૦ સાથે ઝડપાયા હતા. આ ઉપરાંત રૂ.૧૭,૦૦૦ની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન, ગંજીપાના અને એક ચટાઈ મળી કુલ રૂ.૨૮,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ દરોડામાં ઝડપાયેલા આરોપીઓમાં માંડવીના શિવાજી નગર ખાતે રહેતા સંજય ચૌહાણ (ઉં.વ.૩૯), અનિલ મોહિતે (ઉં.વ.૩૯), કૈલાસ સાળંકે (ઉં.વ.૨૬), દીપક પવાર (ઉં.વ.૩૦) તેમજ માંડવી બરોડિયાવાડ ખાતે રહેતા જેકી મિસ્ત્રી (ઉં.વ.૩૩) નો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# કડોદમાં પ્રાથમિક સુવિધા અને પ્રદૂષણ મુદ્દે ગ્રામજનોનો હંગામો

**સ્વચ્છતાના** અભાવે ચોતરફ ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય

**સભા** પૂર્ણ થયા પછી પણ નક્કર ખાતરી ન મળતાં લોકોમાં રોષ



કેતન પટેલ

કડોદ: બારડોલી તાલુકાના કડોદ મીયાવાડી ગ્રુપ ગ્રામ પંચાયતમાં વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. ગામમાં રસ્તા, પીવાનું પાણી, ગટર અને સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓનો ઘોર અભાવ જોવા મળી રહ્યો છે. સ્વચ્છતાના અભાવે ચોતરફ ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય છવાતાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

૧૧મી ઓગસ્ટે ગ્રામસભામાં મોટી સંખ્યામાં ઊમટી પડેલા ગ્રામજનોએ કથળેલી સુવિધાઓ અંગે શાસકો સામે પ્રશ્નોનો મારો ચલાવતા ભારે હંગામો મચી ગયો હતો. નાગરિકોના આક્રમક વલણ સામે શાસકો નિરુત્તર બન્યા હતા. સભા પૂર્ણ થયા પછી પણ કોઈ નક્કર ખાતરી ન મળતાં લોકોમાં તીવ્ર અસંતોષ યથાવત રહ્યો છે. આ ઉપરાંત કડોદ જીઆઈડીસીની કેમિકલ અને ઔદ્યોગિક કંપનીઓ દ્વારા ફેલાવવામાં આવતા ઝેરી વાયુઓ અને દૂષિત પાણીના પ્રદૂષણથી સ્થાનિકોના સ્વાસ્થ્ય, ખેતી અને પશુપાલન પર ગંભીર અસર પડી રહી છે. પંચાયતમાં વારંવાર રજૂઆતો કરવા છતાં નિરાશા જ સાંપડી છે. બીજી તરફ, કડોદના વીજ કંપનીના સબ-ડિવિઝનને માંડવીમાં ભેળવી દેવાતાં લોકોની હાલાકી વધી છે.

ગ્રામજનોનો દૈનિક વ્યવહાર બારડોલી સાથે હોવાથી, વીજળી સંબંધિત કામકાજ માટે માંડવી સુધી લંબાવવું પડે છે. સ્થાનિકોએ કડોદ વીજ કચેરીને પુનઃ બારડોલી ડિવિઝનમાં સમાવવાની સ્પષ્ટ માંગ કરી છે.

# બારડોલી નગર ખેડૂત સમાજ બાકી પ્રશ્નો મુદ્દે લડાયક મૂડમાં



**સામાન્ય** સભામાં રસ્તા, પાણી અને ખેતરોમાં ભેલાણ જેવા પ્રશ્નો બાબતે ચર્ચા

બારડોલી: બારડોલી નગર ખેડૂત સમાજની સામાન્ય સભા મંગળવારે આશાપુરી માતાજીના હોલમાં નગર પ્રમુખ કિરણ લાકડાવાળાની અધ્યક્ષતામાં મળી હતી, જેમાં બારડોલી પ્રદેશના ખેડૂતોએ ખૂબ જ મોટી સંખ્યામાં પોતાની હાજરી નોંધાવી હતી.

આ સભામાં નગરના ખેડૂતોને સ્પર્શતા વિવિધ સળગતા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. ખાસ કરીને જી.ઈ.બી. (વીજળી), ખરાબ રસ્તા, પાણીની સમસ્યા, ટીપી (ટાઉન પ્લાનિંગ), ડીપી (ડેવલપમેન્ટ પ્લાન) તેમજ ખેતરોમાં પશુઓ દ્વારા થતા ભેલાણ જેવી ગંભીર બાબતો પર ખેડૂતોએ વિસ્તૃત ચર્ચા કરી હતી. તમામ ઉપસ્થિત ખેડૂતો અને આગેવાનો દ્વારા સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું કે આ તમામ સમસ્યાઓના કાયમી નિકાલ માટે એક મોટું અને મજબૂત સંગઠન બનાવવું. આ સંગઠન મારફતે યોગ્ય સ્તરે સત્તાધીશો સમક્ષ સચોટ રજૂઆત કરવામાં આવશે. વધુમાં, સભામાં એવો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો કે જો તંત્ર દ્વારા આ રજૂઆતોને ધ્યાને લઈને પ્રશ્નોનો સત્વરે અને યોગ્ય નિકાલ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલન કરાશે.

# કડોદરામાં રાહદારીના મોબાઈલની ચીલઝડપ

પલસાણા: પલસાણા: કડોદરામાં બી.આર.ટી.એસ. બસ સ્ટેશન પાસેથી પસાર થતા એક યુવાનના હાથમાંથી બાઈક સવાર બે અજાણ્યા ઈસમો ૨૫ હજારથી વધુ કિંમતનો મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ ગયા છે. નિયોલની સંસ્કૃતિ રેસિડેન્સીમાં રહેતા ૨૪ વર્ષીય લક્ષ્મીપ્રસાદ મિશ્રા ગત તા.૧૦ ઓગસ્ટે સાંજે મોબાઈલ પર વાત કરતા ચાલી રહ્યા હતા, ત્યારે પાછળથી આવેલા બાઈક સવારોએ તેમના હાથમાંથી ૨૫,૪૭૮ ની કિંમતનો મોબાઈલ ચીલઝડપ કરી વરેલી પાટિયા તરફ નાસી છૂટ્યા હતા. આ અંગે ભોગ બનનાર યુવાને કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Spider-Man:Brand New Day-2D
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati
02:00pm, 09:00pm
Get Set Go-Gujarati
12:00pm, 06:00pm
DC - 11:00am, 03:00pm, 09:30pm
Jan Neta - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


**Shree Narmada Aluminium Industries Limited**
Registered Office: 95/1, Bharuch Palej Road, Bholav, Dist. Bharuch.Gujarat-392 001
Tel: 912642260624 E-mail : nalexbh@@yahoo.co.in CIN :L91110GJ1981PLC004269

**UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2026**

(Rs. In Lakhs)

| Particulars | Quarter Ended | | | Year End-ed |
|---|---|---|---|---|
| | 30/06/2026 | 31/03/2026 | 30/06/2025 | 31/03/2026 |
| | (Unaudited) | (Audited) | (Unaudited) | (Audited) |
| Other Income | 6.68 | - | - | - |
| Profit/(Loss) for the period | 0.60 | (45.59) | (1.32) | (68.39) |
| Remeasurement of the defined benefit | - | - | - | - |
| Total Comprehensive Income | 0.60 | (45.59) | (1.32) | (68.39) |
| Paid-up equity share capital | 52.96 | 52.96 | 52.96 | 52.96 |
| Earnings Per Share (Basic+Diluted) | 0.12 | (8.75) | (0.25) | (13.13) |

Note :- The above extract Financial Results for the quarter ended 30.06.2026 filed with the stock exchange under Regulation 33 of the Sebi (LODR) Regulation 2015. The full formate of the same along with the notes are available on the web site of the stock exchange as www.bseindia.com and company website www.snailbh.in.

For and on behalf of Board of Directors

Mumbai
Date :- 11/08/2026

Kantilal B Patel
Chairman & M.D- CEO

Milan R Patel
Director and CFO

## શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવી પારડી, તા.કામરેજ

### ચુંટણીનાં સંદર્ભમાં સભાસદ જોગ સંદેશ

ચૂંટણી ચિહ્ન

શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ સર્વે સભાસદો ને સાદર

નમસ્કાર,

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. માં મારા અધ્યક્ષ પણા નીચે આપણે જુદા જુદા ઝોન માંથી ઉમેદવારો પસંદ કર્યા છે. જેમનું ચુંટણી પ્રતિક “ત્રાજવું” છે તેને આપનો તથા આપના સ્નેહીજનનો મત આપી અપાવી આભારી કરશો.

આ ચુંટણી પ્રક્રિયામાં બિનહરીફ થયેલ ઝોનમાં જે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી તે ઉમેદવારો પણ ખુબજ શિક્ષિત અને સહકારીનાં જાણકાર ધીરગંભીર હોવા છતાં સંસ્થા હિતમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે. તેમનો હું ખુબ ઋણી છું અને તેમને ખુબ ખુબ ધન્યવાદ આપું છું. બાકી રહેલા ...... ઝોનમાં પણ જે સભાસદોએ ઉમેદવારી કરી છે તેઓ પણ ખુબજ શિક્ષીત તથા સહકારીનું બહોળું જ્ઞાન ધરાવનાર છે પરંતુ દરેક ઝોનમાંથી ફક્ત એકજ ઉમેદવારની પસંદગી કરવાની હોય જેથી જેની પસંદગી કરી શક્યો નથી જેઓ પણ દર ગુજરકરી મને માફ કરશો. ફરી આપ સૌ સભાસદોને મારી નમ્ર અપિલ છે કે જ્ઞાતિવાદ તથા અપ્રચારથી દુર રહી મારા સુકાની પણાની હેઠળનાં “ત્રાજવા” નું નિશાન ધરાવનાર દરેક ઉમેદવારને આપનો તથા આપના સ્નેહીજનો નો મત આપી અપાવી વિજય બનાવશો.

**સહકાર પેનલના ઉમેદવારો**

લી. ઝોન નં. ૧ થી ૧૮નાં ઉમેદવારો

| ઝોન નં. | ઝોનનું નામ | ઉમેદવારોનું નામ | સહી |
|---|---|---|---|
| ૧ | ૧/ઘલા | શ્રી હેમંતકુમાર મંગુભાઈ પટેલ | |
| ૨ | ૨/કઠોર | શ્રી પ્રકાશચંદ્ર નટવરભાઈ પટેલ | |
| ૩ | ૩/ વાવ | શ્રી અરવીંદભાઈ તુલસીભાઈ ભક્તા | |
| ૪ | ૪/કામરેજ | શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ | |
| ૫ | ૫/દિગસ | શ્રી અંકુરભાઈ હસમુખભાઈ પટેલ | બીન હરીફ |
| ૬ | ૬/જોખા | શ્રી અરવિંદભાઈ બેચરભાઈ પટેલ | |
| ૭ | ૭/ ઓલપાડ | શ્રી દિનેશભાઈ રમણભાઈ પટેલ | |
| ૮ | ૮/સાંધીયેર | નીખીલકુમાર ધનસુખભાઈ પટેલ | |
| ૯ | ૯/કુડસદ | શ્રી કિરણકુમાર મણીલાલ પટેલ | |
| ૧૦ | ૧૦/એરથાણ | શ્રી અમિતકુમાર ભગવતીભાઈ પટેલ | બીન હરીફ |
| ૧૧ | ૧૧/બૌધાન | શ્રી ઈશ્વરભાઈ બળવંતભાઈ પટેલ | |
| ૧૨ | ૧૨/લીંબાડા | શ્રી જયેન્દ્રસિંહ બળવંતસિંહ દેવધરા | |
| ૧૩ | ૧૩/પીપોદરા | શ્રી અફઝલ હબીબખાં પઠાણ | |
| ૧૪ | ૧૪/મોટાવરાછા | યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા | બીન હરીફ |
| ૧૫ | ૧૫/અનુ.જાતિ/અનુ.જન જાતિ પૈકી અનામત બેઠક-૧ | નરેન્દ્રભાઈ ભગાભાઈ ઓરણાવાલા | |
| ૧૬ | ૧૬/નાના/સીમાંત ખેડૂત પૈકી અનામત બેઠક-૧ | શ્રી પ્રવિણચંદ્ર મોતીભાઈ પટેલ | બીન હરીફ |
| ૧૭ | ૧૭/મહીલા અનામત પૈકી બેઠક-૧ | શ્રીમતિ ઉષાબેન વાસુદેવભાઈ પટેલ | |
| ૧૮ | ૧૮/મહીલા અનામત પૈકી બેઠક-૨ | શ્રીમતિ છાયાબેન મહિપાલસિંહ ગોહિલ | |

**સૌને મારા જયશ્રી કૃષ્ણ**

મતદાન તારીખ:-૨૦/૦૮/૨૦૨૬
ગુરૂવાર

લી.
આપનો સહકારી
અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ
પ્રમુખશ્રી, કામરેજ સુગર ફેક્ટરી